# RAJKOT RAJPATH LTD. (RRL)

**(A Wholly Owned Subsidiary of Rajkot Municipal Corporation)**

03rd Floor, Multi Activity Center, Nana Mava Chowk,
150 Ft Ring Road, Rajkot-360005 (Gujarat)

આથી સંબંધકર્તા તમામ મોટર વ્હીકલસપ્લાયર્સ એજન્સી કે જેઓ એક વર્ષ અથવા વધુ વર્ષ જુની સંસ્થા ધરાવે છે તેઓને જણાવવાનું કે સને ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ના વર્ષ દરમ્યાન રાજકોટ રાજપથ લી.ને ભાડાપટ્ટે થી મોટર વ્હીકલ સપ્લાય કરવાના કામે તમામ ટેક્સ સહિતના ભાવ ટેન્ડર બંધ કવરમાં તા૧૬/૧૦/૨૦૧૮ ના રોજ સાંજના ૬.૦૦ વાગ્યા સુધી"રાજકોટ રાજપથ લી." ૩જો માળ, મલ્ટી એક્ટીવીટી સેન્ટર, નાના મવા સર્કલ, ૧૫૦ ફીટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ ખાતે સ્વીકારવામાં આવશે

આ કામનાં ટેન્ડર તથા ભાવપત્રક તા. ૦૬/૧૦/૨૦૧૮ થી તા. ૧૬/૧૦/૨૦૧૮ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી રાજકોટ રાજપથ લીની વેબસાઈટ www.rajkotrajpath.com તથા www.rmc.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે. બીડર્સ દ્વારા તા. ૧૬/૧૦/૨૦૧૮ સુધીમાં સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં Envelope-1 માં ટેન્ડર ડોક્યુમેન્ટ, EMD રૂ. ૧૦,૦૦૦/-, Tender fees રૂ. ૧,૧૨૫/- (ડીમાન્ડ ડ્રાફ્ટ IN FEVOUR of RAJKOT RAJPATH LIMITED, RAJKOT) તથા Envelope-2 માં ભાવપત્રક સાથે અલગ કવરમાં સીલબંધકરી રાજકોટ રાજપથ લી.ને રજુ કરવાના રહેશે.

Sd/-
જનરલ મેનેજર,
રાજકોટ રાજપથ લી.

## TENDER No. : RRL/BRTS/2018-19/04

રાજકોટ રાજપથ લી.ને ભાડાપટ્ટે (On Hire Basis) થી મોટર વ્હીકલ સપ્લાય કરવાના કામનું રેઈટ કોન્ટ્રેક્ટ ટેન્ડર

**October-2018**

## Milestone dates

| | |
|---|---|
| Downloading of Tender | 06 /10/2018 12:00 Hrs. to 16 /10/2018 up to 17:00 Hrs. |
| Pre-bid Meeting at RRL office | 11/10 /2018 at 12:00 Hrs. |
| **Submission of Sealed Two Envelopes (RPAD, Speed post, in person)**<br>Envelope No. 1) Tender fees, EMD, Technical bid & supporting doc.<br>Envelope No. 2) Price Bid | Up to 16/10 /2018 at 18.00 Hrs. |
| Opening Technical Bid if possible | 17 /10/2018 at 12:00 Hrs. |
| Opening Price Bid (for Technical Qualified Bidder) if possible | 19/10/2018 at 12:00 Hrs. |


**GENERAL MANAGER**
**RAJKOT RAJPATH LTD.**
**3rd FLOOR, MULTIACTIVITY CENTER,**
**NANA MAVA CIRCLE,**
**150' RING ROAD, RAJKOT – 360005**
**E-mail: rmc.rrl@gmail.com Web – www.rajkotrajpath.com**
**Phone No: +91-281-2332855**

## રાજકોટ રાજપથ લી.ને ભાડાપટ્ટે (On Hire Basis) થી કાર સપ્લાઈ કરવા માટેનું રેઈટ કોન્ટ્રેક્ટ ટેન્ડર

આ ઉપરથી હું/ અમો ભાવ પત્ર આપું છું/ આપીએ. છીએ કે, સાથેના પરિશિષ્ટમાં જણાવેલ લીસ્ટ મુજબ અને શરતો તેમજ સમજુતી પ્રમાણે વસ્તુ/ કામ પુરૂ પાડવા બંધાઉ છું/ બંધાઈ છીએ

| | | | |
|---|---|---|---|
| ૦૧) | કામની વિગત | :- | વર્ષ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ માટે ડ્રાઈવર સાથે કાર ભાડેથી સપ્લાય કરવાનું કામ |
| ૦૨) | અર્નેસ્ટમની ની રકમ | :- | રૂ|. ૧૦,૦૦૦/- |

નેશનલાઈઝ/શેડયુલ્ડ બેંક: ............................................ ડી. ડી.નં. : ..............................................

તા. / /૨૦૧૮

| | | | |
|---|---|---|---|
| ૦૩) | ટેન્ડર ફી | :- | રૂ|.૧,૧૨૫/- (નોન રીફંડેબલ) |

નેશનલાઈઝ/શેડયુલ્ડ બેંક: ......................................... ડી. ડી.નં. : ..............................................

તા. / /૨૦૧૮

| | | | |
|---|---|---|---|
| ૦૪) | સંસ્થાનું નામ | :- | .................................................................................... |
| ૦૫) | ભાવ આપનારનું નામ | :- | .................................................................................... |
| ૦૬) | સંસ્થાના પ્રતિનિધી/ પ્રોપ્રાઈટર/ મેનેજરનું નામ | :- | .................................................................................... |
| ૦૭) | સરનામું | :- | .................................................................................... |
| | | | .................................................................................... |
| | | | .................................................................................... |
| ૦૮) | સીક્યોરીટી ડિપોઝીટ | :- | બેંક ગેરન્ટી/ડીમાન્ડ ડ્રાફ્ટ ડિપોઝીટ ( ટોટલ બીડ વેલ્યુના ૫%) |

.................................................................

(એજન્સીના સહી તથા સિક્કા)

# CHECKLIST

**ટેન્ડરનું નામ:-** રાજકોટ રાજપથ લી.ને ભાડાપટ્ટે (On Hire basis)થી મોટર વ્હીકલ સપ્લાય કરવાનું રેઈટ કોન્ટ્રેક્ટ ટેન્ડર

પાર્ટીનું નામ:- ..........................................................................................................................

| ક્રમ | વિગત | હા/ના |
|---|---|---|
| ૧ | **Tender fees, EMD** તથા ટેકનીકલ બીડ **Envelope-1** માં તથા ભાવ પત્રક **Envelope-2** માં રાખવામાં આવેલ છે? તેમજ બંને **Envelope Seal** કરવામાં આવેલ છે? | |
| ૨ | ઈન્કમટેક્સ રીટર્નની અથવા પ્રોફેશનલ ટેક્સ ભર્યાની ઝેરોક્ષ ટેન્ડરમાં સામેલ રાખેલ છે? | |
| ૩ | સંસ્થા એક વર્ષ જુની છે? | |
| ૪ | બીડર દ્વારા પરફોર્મન્સ સર્ટીફીકેટ , વર્કઓર્ડર સાથે મુકવામાં આવેલ છે? | |
| ૫ | પ્રાઈવેટ કે જાહેરસંસ્થાને ઓછામાં ઓછુ છ માસ માટે કે તેથી વધુ સમય માટે મોટર વ્હીકલ સપ્લાય કરવાનું ઓછામાં ઓછું એક કામ પુર્ણ કરવામાં આવેલ છે? | |
| ૬ | બીડરનાં નામે ઓછામાં ઓછી એક મોટર વ્હીકલના નંબર સાથેની સંખ્યાના પુરાવા મુકવામાં આવેલ છે? | |
| ૭ | બીડર દ્વારા ઓછામાં ઓછી બે મોટર વ્હીકલ ભાડાથી સપ્લાય કરવામાં આવેલ હોય, કરારનામાની નકલ સામેલ રાખવામાં આવેલ છે? | |
| ૮ | બીડર દ્વારા દર્શાવવામાં આવેલ કારના **Insurance** તથા **R C Book**ની નકલ સામેલ રાખેલ છે? | |
| ૯ | બીડર દ્વારા રૂ|.૨૦ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર પર બીડર બ્લેક લીસ્ટેડ થયેલ નથી તેનું સેલ્ફ ડિકલેરેશન સામેલ રાખેલ છે? | |
| ૧૦ | કવર ઉપર ટેન્ડરનું નામ તથા સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય દર્શાવવામાં આવેલ છે? | |
| ૧૧ | લીમીટેડ કંપની અથવા બહારગામની પાર્ટીએ પ્રતિનિધીને ઓથોરીટી લેટર આપેલ છે? | |
| ૧૨ | ટેન્ડરમાં દરેક પેઈજ પર સહી/સિક્કા કરેલ છે કે કેમ? | |
| ૧૩ | એજન્સી પાસે **GST** નંબર છે કે કેમ? રજીસ્ટ્રેશનની નકલ સામેલ કરવી. | |

અમારા તરફથી ટેન્ડર ભરતી વખતે ઉપરોક્ત તમામ ૧૨ મુદ્દાઓની સંપુર્ણ માહિતી આપવી ફરજીયાત છે આમ છતાં જો કોઈ બાબતે ચુક થયેલ હશે અને આ ઝેરોક્ષ નકલો સ્વપ્રમાણીત કરવામાં આવેલ નહીં હોય કે ટેન્ડરમાં માંગવામાં આવેલ તમામ વિગતો/માહિતી, જરૂરી આધાર, પુરાવા, ઝેરોક્ષની સ્વપ્રમાણીત નકલો ટેન્ડર સાથે જ બીડવામાં (રજુ કરવામાં) આવેલ નહીં હોય તો અમો જાણીએ છીએ કે આવું ટેન્ડર રદ કરવાને પાત્ર થશે આ બાબતે રાજકોટ રાજપથ લી. દ્વારા કરવામાં આવેલ નિર્ણય અમોને બંધનકર્તા રહેશે

.......................................................................

(એજન્સીના સહી તથા સિક્કા)

# ટેન્ડરની પ્રાથમીક શરતો અને સમજુતીઓ

૧) ટેન્ડર ભરનાર પેઢી ઓછામાં ઓછી એક વર્ષ જુની હોવી જોઈએ તેમજ આ અંગે માન્ય પુરાવા તરીકે પ્રોફેશનલ ટેક્સ અથવા ઈન્કમટેક્સ રીટર્નની સ્વપ્રમાણીત ઝેરોક્ષ નકલ ટેન્ડર સાથે રજુ કરવાની રહેશે.

૨) જો પેઢી પ્રોપ્રાઈટરશીપની હોય તો માલિકનું પુરૂ નામ અનેજો ભાગીદારી પેઢી હોય તો તમામ ભાગીદારોનાં પુરાં નામ અને જો પેઢી લીમીટેડ કંપનીની હોય તો તેમનાં મેનેજીંગ ડિરેકટર્સનાં પુરા નામ,સરનામા, ફોન નંબરની વિગત રજુ કરવી તેમજ લીમીટેડ કંપનીના કિસ્સામાં રાજકોટ રાજપથ લી સાથે કરાર કરવાની સતા ધરાવતાં ઈસમને જરૂરી અધિકારપત્ર કંપની તરફથી ઈસ્યુ થયેલો હોવો જોઈશેતેની નકલ આ ટેન્ડરસાથે અવશ્ય આપવાની રહેશે. વિશેષમાં રાજકોટ રાજપથ લી સાથેનાં રોજબરોજનાં વ્યવહારમાં જે વ્યક્તિ સતત સંપર્કમાં રહેનાર હોય તેના નામ/સરનામા/ફોન નંબરની વિગતો આપવાની રહેશે

૩) બીડર દ્વારા તમામ ટેક્સ તેમજ વેરાઓ સહિત ભાવ રજુ કરવાના રહેશે.

૪) બીડર રાજકોટ શહેર બહારનાં હશે તો સ્થાનિક પ્રતિનિધી હોવો જરૂરી છે. જેથી જરૂરી સમય પર સ્થાનિક પ્રતિનિધીનો સંપર્ક થઈ શકે.

૫) બીડર દ્વારા જાહેર સંસ્થા અથવા પ્રાઈવેટ સંસ્થાને ઉપર મુજબના કામ મુજબ જ સરકારી કે અર્ધ સરકારી કે પ્રાઈવેટ સંસ્થાને મોટર વ્હીકલ ઓછામાં ઓછુ છ માસ માટે કે તેથી વધુ સમય માટે ભાડેથી સપ્લાઈ કરવામાં આવેલ હોય તેવો ઓછામાં ઓછો એક કામનો અનુભવ હોવો જોઈએ જે અન્વયે ભાવ ભરનાર પેઢી દ્વારા વર્ક ઓર્ડર, પરફોર્મન્સ સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે

૬) બીડર દ્વારા પ્રોપ્રાઈટર અથવા પેઢીના માલીકના નામે ઓછામાં ઓછી એક મોટર વ્હીકલ રજીસ્ટર થયેલ હોવી જોઈએ તેમજ તેના પુરાવા સંસ્થા દ્વારા રજુ કરવાના રહેશે જેમાં પુરાવા સાથે R C Book તથા Insurance policy ની નકલ સ્વપ્રમાણીત કરીને રજુ કરવાની રહેશે.

૭) બીડર દ્વારા હાલ અન્ય સંસ્થાને મોટર વ્હીકલ(ટેક્સી કેટેગરી હેઠળ રજીસ્ટર્ડ) ભાડેથી આપવામાં આવી રહેલ હોય, તો તેઓએ સ્વપ્રમાણીત એગ્રીમેન્ટની નકલ રજુ કરવાની રહેશે.

૮) બીડર દ્વારા રાજકોટ રાજપથ લી.ને ભાડેથી સપ્લાય કરવામાં આવનાર મોટર વ્હીકલ, આ ટેન્ડર નોટીસની તારીખથી એક વર્ષથી વધુ જુની હોવી જોઈએ નહી

……………………………………………………

(એજન્સીના સહી તથા સિક્કા)

૯) બીડર દ્વારા નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર રૂા.૫૦ પર અન્ય સરકારી કે અર્ધ સરકારી સંસ્થામાં બ્લેક લીસ્ટ થયેલ નથી, તેવું સેલ્ફ ડિકલેરેશન રજુ કરવાનું રહેશે

૧૦) નિયત સમય બાદ રજુ થયેલ બીડ સ્વીકારવામાં આવશે નહી

૧૧) આ કોન્ટ્રેક્ટ ત્રણ (૦૩)વર્ષ માટે છે, એટલે કે કોન્ટ્રેક્ટનાં એગ્રીમેન્ટ થયા બાદ વર્ક ઓર્ડર આપ્યાની તારીખથી ત્રણ (૦૩)વર્ષ સુધી અથવા મોટર વ્હીકલ સપ્લાય કરવાના કામે નવા વર્ષ માટેનો વાર્ષિક રેઈટ કોન્ટ્રેકટનો કરાર થાય ત્યાં સુધીનાં સમયગાળા માટે વર્ક ઓર્ડર આપી શકાશે તેમજ આ વર્કઓર્ડરની મુદ્ત પુરી થાય ત્યાંસુધી કોન્ટ્રેક્ટનો અમલ કરવાનો રહેશે

૧૨) આવેલ ટેન્ડરો તા.૧૭/૧૦/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે તેમજ ભાવપત્રક તા. ૧૯/૧૦/૨૦૧૮ ના રોજ સાંજે ૧૨:૦૦ કલાકે હાજર રહેલા પ્રતિનિધીઓ સમક્ષ ખોલવામાં આવશે પ્રતિનિધીઓએ સ્વખર્ચે હાજર રહેવું.

૧૩) કવર ઉપર ટેન્ડરનું નામ તથા સ્વિકારવાની છેલ્લી તારીખ અને સમય અવશ્ય દર્શાવવાનો રહેશે

૧૪) ઓછા ભાવનું કે કોઈપણ ટેન્ડર સ્વીકારવું કે નહી તે બાબતે રાજકોટ રાજપથ લીનો અબાધિત હક્ક રાખે છે અને આ અંગે કોઈજ કારણ આપવામાં આવશે નહી

૧૫) રાજકોટ રાજપથ લી. દ્વારા કોઈ જ શરતી ટેન્ડર તેમજ કોઈપણ ભાવ ભરનારે આવા ફેરફાર કરેલ ટેન્ડર રજુ કર્યું હશે તો તે સ્વીકારવામાં આવશેનહી.

૧૬) આ કામે ભાવ મંજુરી મળ્યાનાં દિવસ– ૭ (સાત) માં કુલ બીડ રકમના ૫% રકમની નેશનલાઈઝડ/ શેડ્યુલ્ડ બેંક ગેંરન્ટી (વેલીડીટી- 3 વર્ષ + ૧૮૦ દિવસ)/ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવી, રાજકોટ રાજપથ લી. ખાતે રજુ કરી, ધોરણસર સ્ટેમ્પ પેપર ઉપર રાજકોટ રાજપથ લી.ની તરફેણમાં કરારનામું (એગ્રીમેન્ટ) કરી આપવાનું રહેશે એગ્રીમેન્ટ નિયમ મુજબનાં સ્ટેમ્પ પેપર ઉપર કરવાનું રહેશેએગ્રીમેન્ટ માટે જેટલી કિંમતનાં સ્ટેમ્પ પેપર ખરીદવાનાં થાય તે સપ્લાયરે રજુ કરવાનાં રહેશે કાર સપ્લાયર દ્વારા એગ્રીમેન્ટ રાજકોટ રાજપથ લી. દ્વારા આપવામાં આવેલ નમુના મુજબ ટાઈપ કરાવી રજુ કરવાનું રહેશે

૧૬.૧) આ કામે ભાવને મંજુરી મળ્યાને નિયમાનુસાર એજન્સી દ્વારા એગ્રીમેન્ટ કરવામાં નહીં આવે તો તેમની EMD જપ્ત કરીને પછીના ત્રણ (૦૩) વર્ષ માટે રાજકોટ રાજપથ લી. તથા રાજકોટ મહાનગરપાલિકાના અન્ય ટેન્ડરમાં ભાગ લેવામાંથી બાકાત રાખવામાં આવશે

..............................................................

(એજન્સીના સહી તથા સિક્કા)

૧૬.૨) આ કામે એજન્સીને વર્કઓર્ડર મળ્યા બાદ જરૂરીયાત મુજબના વાહન ખરીદ કરી તેના આધાર પુરાવા રજુ કરી સેવામાં મુકવાના રહેશે, કરાર આધારીત વાહનો કાયમી ધોરણે સેવામાં મુકી શકાશે નહી

૧૬.3) આ કામે એજન્સીને વર્કઓર્ડર મળ્યાને નિયમાનુસાર એજન્સી દ્વારા સદર કાર્ય સમયાનુંસાર પુર્ણ કરવામાં ન આવતા, રાજકોટ રાજપથ લી. દ્વારા એજન્સીને ટર્મીનેટ કરીને સિક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ ત્રણવર્ષ માટે રાજકોટ રાજપથ લીતથા રાજકોટ મહાનગરપાલિકાના તમામ કામોની ટેન્ડર પ્રક્રિયામાં ડી-બાર (De-bar) કરવામાં આવશે.

૧૭) મુદ્તની ગણત્રી કરતી વખતે વર્ક ઓર્ડર આપ્યાની તારીખથી ગણત્રી કરવામાં આવશેમુદત પૂર્ણ થયા બાદ આ કામે નવી એજન્સીની નિયુક્તિ ન થાય ત્યાં સુધી સુચનાનુસાર એજન્સીએ કામગીરી ચાલુ રાખવાની રહેશે

૧૮) આ રેઈટ કોન્ટ્રેક્ટનું ટેન્ડર છે આથી ટેન્ડરની મુદ્તદરમ્યાન ટેક્સ/વેરા માં ફેરફાર થવાના સંજોગોમાં કોઈપણ પ્રકારનો ભાવ વધારો માંગી શકાશે નહીં કે આપવાનો રહેશે નહીં.

૧૯) રાજકોટ રાજપથ લી. દ્વારા શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિં

૨૦) રાજકોટ રાજપથ લી. દ્વારા આવેલ ભાવો પરત્વે જો વાટઘાટની જરૂરીયાત જણાય તો વાટાઘાટની પધ્ધતિ ચેરમેનશ્રી, રાજકોટ રાજપથ લી. નક્કી કરે તે મુજબ ભાવ ભરનારને બંધનકર્તા રહેશે, અને મંજુર થયેલ ભાવથી વર્ક ઓર્ડર આપવામાં આવે તે રીતે વર્ષ દરમ્યાન મોટર વ્હીકલ સપ્લાય કરવાના રહેશે

૨૧) ટેન્ડર ઈવેલ્યુએશન દરમ્યાન ટેકનીકલ બીડની તમામ શરત પુર્ણ થતી હોય તેમજ ત્રણ વર્ષના કુલ ભાવ પ્રતિ કિલોમીટર જે બીડરનાં Lowest હશે તેને L-1 ડિકલેર કરવામાં આવશે.

૨૨) ટેન્ડરની વેલીડીટી ૧૨૦ દિવસની રહેશે.

૨૩) બીડર દ્વારા ટેન્ડરનું ફિઝીકલ સબમીશન સ્પીડ પોસ્ટ/ R.F.A.D./ In person થી મોકલી શકાશે. જેમાં ટેકનીકલ બીડની સાથે EMD તથા Tender fees નેશનલાઈઝડ બેંકના Demand Draft રાખવાના રહેશે. Demand Draft “Rajkot Rajpath Limited, Rajkot” ના નામે રજુ કરવાનો રહેશે.

૨૪) આ કામ બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો ચેરમેનશ્રી, રાજકોટ રાજપથ લી.નો નિર્ણય આખરી રહેશે, અને જે બીડ કરનારને બંધનકર્તા રહેશે કાનૂની કાર્યવાહી થવાના સંજોગોમાં ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે

૨૫) બીડર દ્વારા ટેન્ડર સ્વખર્ચે ભરવાનું રહેશે જેની જવાબદારી રાજકોટ રાજપથ લીની રહેશે નહીં.

૨૬) ટેન્ડર રાજકોટ રાજપથ લી. ૩જો માળ, મલ્ટી એક્ટીવીટી સેન્ટર, ૧૫૦ ફીટ રીંગ રોડ, નાના મવા સર્કલ, રાજકોટ – ૩૬૦,૦૦૫ ખાતે સ્પીડ પોસ્ટ/ રજીસ્ટર એ.ડી./ વ્યકિતગત રીતે મોકલી શકાશે.

..................................................................

(એજન્સીના સહી તથા સિક્કા)

# <u>સ્કોપ ઓફ વર્ક</u>

૧) એજન્સી દ્વારા સપ્લાઈ કરવામાં આવનાર મોટર વ્હીકલ એક વર્ષથી વધુ જુનુ હોવુ જોઈએ નહી જેની ગણતરી RTO માં રજીસ્ટ્રેશન ની તારીખથી ટેન્ડર નોટીસની તારીખ સુધી ગણવામાં આવશે

૨) એજન્સી દ્વારા નીચે દર્શાવવામાં આવેલ વિગતે તેમજ સ્પેશીફિકેશન મુજબ વાહન અત્રેને રજુ કરવાનું રહેશે

| Sr. No. | Specification of Motor Vehicle | Annual Assured KMS |
|---|---|---|
| 1 | Maruti EECO with 5 Seater Passing CNG for 140 kms per day for 16 working hours 365 days | 50,000 KMS per Motor Vehicle per year |

3) એજન્સી દ્વારા સપ્લાય કરવામાં આવનાર મોટર વ્હીકલ દૈનિક અંદાજીત ૧૪૦ કિલોમીટર ચલાવવાનું રહેશે તેમજ એજન્સી દ્વારા સ્પેશીફિકેશન મુજબ બે (૦૨) મોટર વ્હીકલ પુરા પાડવાના રહેશે તેમજ રાજકોટ રાજપથ લી.ની જરૂરીયાત મુજબ જનરલ મેનેજરશ્રીની સુચના અનુસાર જરૂરિયાત જણાયે વધારાના મોટર વ્હીકલ સપ્લાય કરવાના રહેશે.

૪) એજન્સી દ્વારા સ્પેશીફિકેશન મુજબ સપ્લાય કરવામાં આવતા વાહનોને રાજકોટ રાજપથ લીના અધિકારીની સુચના મુજબ ચલાવવાના રહેશે

૩) એજન્સી દ્વારા સપ્લાઈ કરવામાં આવનાર મોટર વ્હીકલનું રજીસ્ટ્રેશન Regional Transport office માં થયેલ હોવું જોઈએ

૪) એજન્સી દ્વારા સપ્લાઈ કરવામાં આવનાર મોટર વ્હીકલની RC Book, Full Insurance તથા Pollution Under Control ની નકલ સ્વપ્રમાણિત કરીને અત્રેને રજુ કરવાની રહેશે.

૫) મોટર વ્હીકલના કિલોમીટરની ગણતરી હેતુ રાજકોટ રાજપથ લીની રાજકોટ ખાતેની ઓફીસથી અથવા ઓફીસની સુચના મુજબની જગ્યાએથી શરૂઆતના કિલોમીટર તેમજ અંતિમ કિલોમીટરની નોંધણી કરવાની રહેશે.

૬) એજન્સી દ્વારા મોટર વ્હીકલ માટે જરૂરી લોગ બુક મેઈન્ટેઈન કરવાની રહેશે જેમાં રાજકોટ રાજપથ લી.ના હાજર અધિકારી પાસે શરૂઆતના કિલોમીટર તેમજ અંતિમ કિલોમીટરની નોંધણી કરાવીને સહી કરાવવાની રહેશે. જેની નોંધ થયેથી એજન્સી દ્વારા લોગ બુક સહિત દૈનિક રીપોર્ટ ઓફિસમાં રજુ કરવાનો રહેશે

...............................................................

(એજન્સીના સહી તથા સિક્કા)

૭) એજન્સીએ મોટર વ્હીકલમાં પાંચ વ્યકિત (ડ્રાઇવર સાથે) બેસી શકે તેવું મોટર વ્હીકલ સપ્લાય કરવાનું રહેશે

૮) એજન્સીએ કાર સંપુર્ણ સર્વિસીંગ તેમજ જરૂરી ઈંધણ પુરાવીને ઉપસ્થીત કરવાની રહેશે અન્યથા નિયમાનુંસાર પેનલ્ટી લગાવવામાં આવશે

૯) દૈનિક કાર્યવાહી દરમ્યાન મોટર વ્હીકલ બ્રેકડાઉન થયે રાજકોટ રાજપથ લી.ની જવાબદારી રહેશે નહી તેમજ કોઈ જ પ્રકારનો ખર્ચની ચુકવણી કરવામાં આવશે નહીં

૧૦) એજન્સીએ મોટર વ્હીકલ બ્રેકડાઉન થયે, ૬૦ (સાંઈઠ) મીનીટની અંદર મોટર વ્હીકલ કાર્યરત કરવાનું રહેશે અથવા સ્પેશીફિકેશનની શરત મુજબનું જ અન્ય મોટર વ્હીકલ રજુ કરવાનું થશે અન્યથા નિયમાનુસાર પેનલ્ટી લગાવવામાં આવશે

૧૧) એજન્સીએ ડ્રાઈવર સાથે મોટર વ્હીકલ ઉપસ્થીત કરવાની રહેશે.

૧૨) એજન્સીએ રાજકોટ રાજપથ લી.ને સપ્લાય કરવામાં આવી રહેલ મોટર વ્હીકલમાં GPS Install કરવા મંજુરી આપવાની રહેશે. રાજકોટ રાજપથ લી.ને સપ્લાય કરવામાં આવી રહેલ મોટર વ્હીકલમાં RRL દ્વારા GPRS Install કરીને Vehicle Tracking system કાર્યરત કરી આપવામાં આવશે જેની જાણવણી એજન્સીએ કરવાની રહેશે. તેમજ GPS Device ને નુક્શાન ન થાય તેની તકેદારી રાખવાની રહેશે GPS Device ને નુકસાન થવાના કિસ્સામાં થયેલ નુકસાન એજન્સીએ ભરપાઇ કરવાની રહેશે.

૧૩) એજન્સીએ ડ્રાઈવરનું રાજકોટ રાજપથ લી પાસે સંપુર્ણ વેરીફિકેશન કરવવાનું રહેશે તેમજ રાજકોટ રાજપથ લી. દ્વારા માંગવામાં આવતા સંપુર્ણ ડોક્યુમેન્ટ રજુ કરવાના રહેશે ત્યારબાદ રાજકોટ રાજપથ લી.ની મંજુરી મળ્યેથી ડ્રાઈવરને નિમણુંક આપવાની રહેશે

૧૪) એજન્સી દ્વારા મોટર વ્હીકલ સાથે રજુ કરવામાં આવી રહેલ ડ્રાઈવર પાસે Regional Transport Office ના નિયમાનુસાર LMV અથવા HMV License હોવું જરૂરી છે

૧૫) એજન્સીએ ડ્રાઈવર્સને આઈડેન્ટીટી કાર્ડ તથા વ્યવસ્થીત રીતે તૈયાર થઈ ડ્યુટી પર હાજર કરવાના રહેશે

૧૬) એજન્સીના ડ્રાઈવર દ્વારા રાજકોટ રાજપથ લી.ના અધિકારીઓ કે કર્મચારીઓ સાથે ગેરવર્તણુંક કરવામાં આવતા તેની જગ્યા પર અન્ય ડ્રાઈવરની નિમણુંક કરવાની રહેશે તેમજ એજન્સીને નિયમાનુંસાર પેનલ્ટી લગાવવામાં આવશે

૧૭) માનવ સર્જીત બનાવ જેવા કે કર્ફ્યુ, ચોરી, આગ કે અકસ્માત વગેરેને કારણે મોટર વ્હીકલને થતી નુકશાની બાબતે રાજકોટ રાજપથ લી.ની જવાબદારી રહેશે નહીં.

૧૮) કુદરતી બનાવ જેવા કે પુર, વાવાઝોડા કે ધરતીકંપ વિગેરે જેવી ઘટનાને કારણે મોટર વ્હીકલને થતી નુકશાની બાબતે રાજકોટ રાજપથ લીની જવાબદારી રહેશે નહીં.

..........................................................

(એજન્સીના સહી તથા સિક્કા)

૧૯) એજન્સી દ્વારા રાજકોટ રાજપથ લી.ને સપ્લાય કરવામાં આવી રહેલ મોટર વ્હીકલના Full Insurance Policy તેમજ Pollution under control ની ફ્રેશ કોપી જરૂરી સમય મર્યાદામાં રીન્યુ કરીને રજુ કરવાની રહેશે

૨૦) એજન્સીએ કેન્દ્ર સરકાર તથા રાજય સરકારશ્રીના વખતો વખતના નિયમોનું પાલન કરવાનું તેમજ આ કામગીરી સબબ સરકારશ્રીના વેરા/ટેક્સ (સર્વીસ ટેકસ,પ્રોફેસનલ ટેકસ વીગેરે) ભરવાની તમામ જવાબદારી એજન્સીની રહેશે.

૨૧) એજન્સીએ મોટર વ્હીકલ બ્રેકડાઉન થયે રીપેર કરીને કાર્યાન્વીત કરવાનો રહેશે. જો સમયસર મોટર વ્હીકલ રીપેર ન થાય તો નિયમાનુસાર પેનલ્ટી લગાવવામાં આવશે

૨૨) એજન્સી દ્વારા બ્રેકડાઉન થયેલ હોય તેમજ રીપેર ના થઈ શકે તેવી ઘટનાની સ્થિતીએ મોટર વ્હીકલ રીપ્લેસ કરી આપવાનું રહેશે

૨૩) કામગીરી દરમ્યાન કોઈપણ પ્રકારના કેસ , અકસ્માત કે નુકશાન થશે તો આ અંગે રાજકોટ રાજપથ લી ની કોઈપણ પ્રકાર ની જવાબદારી રહેશે નહી તમામ જવાબદારીઓ એજન્સીની રહેશે.

૨૪ ) ડ્રાઇવરને જરૂરી ડોક્યુમેન્ટ (ડ્રાઇવીંગ લાયસન્સ, પોલીસ વેરીફીકેશન તથા અન્ય લગત) સાથે અત્રેની શાખા પર રજુ કર્યા બાદ ફાઇનલ થયેલ ડ્રાઇવરને જ ડ્યુટી સોપવાની રહેશે અત્રેથી મંજુરી લીધા વગર ફરજ પર કોઇ ડ્રાઇવર જણાશે તો પેનલ્ટીને પાત્ર રહેશે. ડ્રાઇવરની કોઇ ફરીયાદ અન્વયે તેમને ફરજમુક્ત કરવાની સતા ઓફીસની રહેશે.

૨૫ ) ચેકીંગ માટે બે શીફ્ટમાં, બે ચેકીંગ કાર દીઠ ટોટલ ચાર ડ્રાઇવર ફરજ પર રાખવાના રહેશે. દરેક ડ્રાઇવરે શીફ્ટવાઇઝ અત્રેની શાખા પર શીફ્ટ શરૂ થયે તથા પુર્ણ થયે હાજરી પુરવાની રહેશે હાજરી પુરી નહોય/અધુરી હશે તો તેને ગેરહાજર ગણવામાં આવશે અને નિયમુનાસારની પેનલ્ટી રહેશે. જો કોઇ ડ્રાઇવર અત્રેથી પૂર્વ મંજુરી લીધા વગર ડબલ શીફ્ટમાં નોકરી પર જણાશે તોઅનઓથોરાઇડસ ડ્રાઇવરની પેનલ્ટીને પાત્ર રહેશે.

૨૬ ) એજન્સીએ ઓફીસ ખાતે ૧૫ દિવસનું શીફ્ટવાઇઝ ડ્રાઇવરનુ ડ્યુટી શેડ્યુલ એડવાન્સમાં રજુ કરવાનુ રહેશે

૨૭ ) ટેન્ડરમાં ભાવ પત્રકમાં જે એજન્સીના ભાવ ઓછા હશે તેને lowest first (lowest – 01st ) નક્કી કરવામાં આવશે. એજન્સીના ઓથોરાઇડ્સ કર્મચારીઓ દ્વારા જ સંચાલન કરવાનુ રહેશે તથા એજન્સી પેટા કોન્ટ્રાક્ટમાં કામ કરાવી શકશે નહી. જો એજન્સી પેટા કોન્ટ્રાક્ટમાં સંચાલન કરતી જણાશે તો એજન્સીનો કોન્ટ્રાક્ટ તાત્કાલીક ધોરણે રદ કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે

……………………………………………………

(એજન્સીના સહી તથા સિક્કા)

## પેનલ્ટીની વિગતો

| ક્રમ | પેનલ્ટીની વિગત | રકમ રૂ|. |
|---|---|---|
| ૧. | એજન્સી દ્વારા મોટર વ્હીકલ બ્રેકડાઉન થયેથી એક કલાકમાં મોટર વ્હીકલ રીપેર કરી ચાલુ કરવામાં ન આવતા ત્યારબાદ પ્રતિ કલાક દિઠ પેનલ્ટી | રૂ|. ૨૦૦/- |
| ૨. | એજન્સી દ્વારા ફરજના સમયથી ૧૦ મિનિટ બાદ મોડી સર્વિસ ચાલુ કરવાની પેનલ્ટી | રૂ|. ૫૦૦/- |
| ૩. | એજન્સી દ્વારા પુરા દિવસ દરમ્યાન વ્હીકલ સપ્લાય ન કરવામાં આવેલ તે બાબતની પેનલ્ટી | દૈનિક કિલોમીટર + રૂ|. ૧,૦૦૦/- |
| ૪. | એજન્સી દ્વારા રાજકોટ રાજપથ લી. દ્વારા આપવામાં આવતી સુચનાનુ પલાન ન કરવા બદલ પેનલ્ટી | રૂ|. ૨૦૦/- |
| ૫. | રાજકોટ રાજપથ લી. દ્વારા નિયત દિવસે અને સમયે મોટર વ્હીકલ રજુ કરવામાં ન આવતા લગાવવામાં આવનાર પેનલ્ટી | રૂ|. ૧,૦૦૦/- |
| ૬. | ડ્રાઈવર દ્વારા વ્યવસ્થિત તૈયાર થયેલ ન હોય તેમજ આઈડેન્ટીટી કાર્ડ પહેરવામાં ન આવેલ હોય તેની પેનલ્ટી | રૂ|. ૧૦૦/- |
| ૭. | એજન્સી દ્વારા યોગ્ય સર્વિસ/સફાઈ/ફ્યુલ કર્યા વગર મોકલવામાં આવેલ મોટર વ્હીકલની પેનલ્ટી (પેનલ્ટી રૂ|. પ્રતિ સર્વિસ/ પ્રતિ સફાઈ / પ્રતિ ફ્યુલ) | રૂ|.૨૦૦/- |
| ૮. | એજન્સી દ્વારા માંગવામાં આવેલ સ્પેશીફિકેશન મુજબનું મોટર વ્હીકલ સપ્લાય કરવામાં આવી રહેલ ન હોય જે બાબતની પેનલ્ટી | રૂ|.૧,૦૦૦/- |
| ૯. | બ્રેકડાઉન દરમ્યાન રીપેર કરી શકાય તેવા સંજોગો ન જણાયે, એજન્સી દ્વારા મોટર વ્હીકલ રીપ્લેશ (REPLACE) ન કરવામાં આવે તો તેની પેનલ્ટી | રૂ|.૧,૦૦૦/- |
| ૧૦. | મોટર વ્હીકલનું સ્પીડોમીટર ખામીવાળું હોય તે બાબતે પેનલ્ટી | રૂ|. ૫૦૦/- |
| ૧૧. | ડ્રાઈવર દ્વારા અધિકારીશ્રીઓ સાથે ગેરવર્તણુંક બાબતે | રૂ|. ૫૦૦/- |
| ૧૨. | ડ્રાઈવર દ્વારા ઓવર સ્પીડ ગાડી ચલાવવા બાબતે | રૂ|. ૫૦૦/- |
| ૧૩. | ડ્રાઈવર દ્વારા ડ્યુટી પર ધુમ્રપાન કરીને ગાડી ચલાવવા બાબતે | રૂ|. ૫૦૦/- |
| ૧૪. | ડ્રાઈવર દ્વારા ડ્યુટી પર મદ્યપાન કરીને ગાડી ચલાવવા તથા તેમને ફરજમુક્ત કરવા બાબતે | રૂ|. ૧૦૦૦/- |
| ૧૫. | ડ્રાઈવર દ્વારા ડ્રાઇવીંગ દરમ્યાન મોબાઈલ પર વાત તેમજ ઉપયોગ કરવા બાબતે | રૂ|. ૨૦૦/- |
| ૧૬ | જીપીએસ ડિવાઈસ ને નુકશાન કરવા સબબ ની પેનલ્ટી | રીપેરીંગ અને ઈન્ટોલેશન ખર્ચ ઉપરાંત રૂ|. ૫૦૦/- |
| ૧૭ | અનઓથોરાઇડસ ડ્રાઇવર | રૂ|. ૧૦૦૦/- |
| ૧૮ | અન્ય | રૂ|. ૫૦૦/- |

.......................................................................

(એજન્સીના સહી તથા સિક્કા)

## બીલ પેમેન્ટની શરતો અને સમજુતીઓ

૧) એજન્સી દ્વારા મોટર વ્હીકલના દૈનિક ચલાવવામાં આવેલ કિલોમીટરનો રીપોર્ટ રાજકોટ રાજપથ લીને ફરજીયાત પણે રજુ કરવાનો રહેશે. કીમી બાબતે વિવિદ થયે જીપીએસ સીસ્ટમ આધારે નકકી થયેલ કીમી ને માન્ય ગણવામાં આવશેજે પરથી એજન્સીનું બીલ બનાવવામાં આવશે

૨) એજન્સી દ્વારા માસાંતે રાજકોટ રાજપથ લીને ઈન્વોઈસ GST સાથેનુ રજુ કરવાનું રહેશે

૩) રાજકોટ રાજપથ લી.ની પેમેન્ટ સાઈકલ ૩૦ દિવસની રહેશે. એજન્સી દ્વારા ઈન્વોઈસ રજુ કર્યાથી દિવસ-૩૦ માં ચુકવણી કરવામાં આવશે

૪) એજન્સી દ્વારા લગત કેન્દ્ર સરકાર, રાજય સરકારના વખતો વખતના ટેક્સ, ડ્યુટી તથા અન્ય કરવેરાની ચુકવણી કરવાની રહેશે જેમાં રાજકોટ રાજપથ લીની જરૂરીયાત અનુસાર દરેક ટેક્સ ભર્યાના ચલણ, પત્રક અત્રેને રજુ કરવાના રહેશે. તેમજ રાજય સરકારશ્રીના લઘુતમ વેતનની જવાબદારી નિભાવવાની રહેશે. સદરહું બાબતે રાજકોટ રાજપથ લીની જવાબદારી રહેશે નહીં.

૬) એજન્સી દ્વારા લગત સરકારશ્રીના વખતો વખતના નિયમોનું પાલન કરવાનું રહેશે

૭) રાજકોટ રાજપથ લી. દ્વારા ભારત સરકારશ્રીના નિયમાનુસાર TDS (Tax deduction at Source)ની કપાત કરવામાં આવશે.

૮) એજન્સી દ્વારા RTO Tax ની ચુકવણી કરવાની રહેશે, જેની જવાબદારી રાજકોટ રાજપથ લી. ની રહેશે નહીં.

૯) નિયુક્ત કરેલા ડ્રાઇવરોના માસિક પગાર પત્રક, EPF, ESIC ના પત્રકો દર મહિને અચુક શાખાને રજુ કરવાના રહેશે. તથા ડ્રાઇવરોના માસિક પગાર બેંક માંરફત કરવાના રહેશે.

૯) અગર ફ્યુલની કિંમતમાં બેઈઝ પ્રાઈઝથી ૧૦%નો વધારો થાય તો, નીચે દર્શાવવામાં આવેલ ફોર્મ્યુલા મુજબની રકમ મુજબ ચુકવણી કરવાની થશે

Basis of Kilometer Charges as per formulae:-

⇨ R=[R-Base] + [R – Base * 0.35 * (F – F-Base)/F-Base]

Where
R is Applicable Kilometer Charge for the Payment Period.
R-Base is the Base Kilometer Charge.
F is present Price of Fuel/Unit. Fuel – That is Compressed Natural Gas.
F-base is Base Year Price of Fuel/Unit. Fuel – That is Compressed Natural Gas.

- ⇨ Base Kilometer consider as online quote per Kilometer for respective Year.
- ⇨ Base rate of Fuel (Compressed Natural Gas) is Rs.54.70 per Kilo Gram (As on 03/10/2018).

..........................................................................

(એજન્સીના સહી તથા સિક્કા)

# ભાવપત્રક

પ્રતિ,
જનરલ મેનેજરશ્રી,
રાજકોટ રાજપથ લી.,
ત્રીજો માળ, મલ્ટીએક્ટીવીટી સેન્ટર,
નાના મવા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ.
રાજકોટ-૩૬૦૦૦૫

વિષય:-**રાજકોટ રાજપથ લી.ને ભાડે (Hire Basis) થી મોટર વ્હીકલ સપ્લાઈ કરવા માટેનું રેઈટ કોન્ટ્રેક્ટ ટેન્ડર**

માનનીય સાહેબશ્રી,

ઉક્ત વિષય અનુસાર અમોએ રાજકોટ રાજપથ લીને ભાડેથી મોટર વ્હીકલ સપ્લાઈ કરવા માટેનું રેઈટ કોન્ટ્રેક્ટ ટેન્ડર રાજકોટ રાજપથ લી. દ્વારા માંગવામાં આવેલ શરતોને આધિન ત્રણ વર્ષ માટે પ્રતિ કિલોમીટરના ભાવ નીચે ટેબલમાં ભરવામાં આવેલ છે.

**રાજકોટ રાજપથ લી. દ્વારા ત્રી-વાર્ષીક મોટર વ્હીકલ સપ્લાઈ કરવાના કામનું ભાવ પત્રક**

# Table - A

| ક્રમ | મોટર વ્હીકલનું સ્પેશીફિકેશન | પ્રથમ વર્ષના પ્રતિ કિ.મી. (રૂ|. આંક્ડા માં) | પ્રથમ વર્ષના પ્રતિ કિ.મી. (રૂ|. શબ્દોમાં) | દ્વિતિય વર્ષના પ્રતિ કિ.મી. (રૂ|. આંક્ડા માં) | દ્વિતિય વર્ષના પ્રતિ કિ.મી. (રૂ|. શબ્દોમાં) | તૃતિય વર્ષના પ્રતિ કિ.મી. (રૂ|. આંક્ડા માં) | તૃતિય વર્ષના પ્રતિ કિ.મી. (રૂ|. શબ્દોમાં) | **કુલ રકમ (પ્રથમ વર્ષ + દ્વિતિય વર્ષ+ તૃતિય વર્ષ) રૂ|.** |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Maruti EECO with 5 Seater Passing Petrol or CNG for 140 kms per day for 16 working hours 365 days - including all Taxes Total - 2 Ecco | | | | | | | |
| | **૦૩ (ત્રણ વર્ષ) ની કુલ રકમ રૂ|. પ્રતિ કિ.મી.** | | | | | | | |

**નોંધ – ૧. Table A માં જે એજન્સીના ભાવ ઓછા હશે તેને lowest first (lowest – 01st ) નક્કી કરવામાં આવશે.**

**૨. રજુ કરવામાં આવેલ ઓછા કે વધુ ભાવ મંજુર કે નામંજુર કરવાની સત્તા ચેરમેનશ્રી, રાજકોટ રાજપથ લી.ની રહેશે. જે ભાવ ભરનારને બંધનકર્તા રહેશે. એજન્સીએ ટેબલમાં રજુ કરવાના થતા ભાવ તમામ કેન્દ્ર તથા રાજ્ય સરકારના તમામ ટેક્સ,વગેરે સહિતના ભાવ રજુ કરવાના રહેશે. સામેલ લીસ્ટ તથા ટેન્ડરની શરતો અને સમજુતીઓ ધ્યાને લઇ ભાવ રજુ કરવામાં આવેલ/ભરેલ છે. જે અમને બંધનકર્તા છે.**

આભાર સહ,

બીડરની સહી તથા સિક્કો,
ભાવ ભરનારનું નામ:-